# બાયડના નાગાનામઠમાં વિજ તાર તૂટતાં ઘઉંનો પાક બળીને ખાખ

## ખેડૂતને રૂા.૭૮,૦૦૦નું નુકસાન, વિજ કંપની સામે વળતરની ઘા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

બાયડ તાલુકાના નાગાનામઠમાં ગુરૂવારે બપોરે સુરેન્દ્રસિંહ અદેસિંહ ઝાલાએ હોંતથી વાવેતર કરેલા ઘઉંના ખેતરમાં વીજળીના તાર તૂટતાં ભભૂકેલી કરી દીધા છે. જંગલમાં લાગતી આગ મોટાભાગે માનવ સર્જીત હતી. જ્યારે ખેતરમાં લાગતી આગ તંત્રની ઘોર બેદરકારીનું કારણ હતું છતાં મેન્ટેનન્સના નામે વિજ પુરવઠા બંધ રાખી પ્રજાને કાળઝાળ ગરમીમાં પજવવામાં આવી રહ્યા છે.



તા.૧૫ ના રોજ નાગાનામઠ ગામના ખેડૂત રમેશભાઈ જશુભાઈ પટેલના ખેતરમાંથી પસાર થતી વિજ લાઈનનો તાર તૂટી પડ્યો અને તણખા ઝરતાં ઘઉંના ઉભા પાકમાં આગ ભભૂકી ઉઠી. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. દૂરથી ખેતરમાં આગના લબકારા જોતાં અન્ય લોકો મદદે આવ્યા પરંતુ ત્યાં સુધીમાં ઘઉંનો મોટાભાગનો જથ્થો આગમાં રાખ થઈ ગયો હતો. જાણવા મળ્યા આગમાં ૨૦૦ મણથી વધુ ઘઉંનો તૈયાર પાક બળીને રાખ થઈ ગયો હતો. ખેડૂતને અંદાજીત રૂા.૭૮,૦૦૦નું નુકસાનનો અંદાજ છે. વિજ કંપનીની બેદરકારીના કારણે દુર્ઘટના બની હોવાથી વળતર માટે ખેડૂત પરિવારે માંગ કરી છે. જ્યારે આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે અગાઉ કેટલાક ચકોર ખેડૂતોએ ટ્રેક્ટરથી ખેડ કરી અન્ય તૈયાર પાકને બચાવી લીધો હતો.



જિલ્લાના મેઘરજ, ભિલોડા, મોડાસા, ધનસુરા, બાયડ વિસ્તારોમાં કાળઝાળ ઉનાળામાં આગજનીના બનાવોએ ખેડૂતોની સાથે જંગલ વિસ્તારને પણ તબાહ મુજબ રમેશભાઈ જશુભાઈ પટેલે સુરેન્દ્રસિંહ ઝાલાને ઘઉંનું વાવેતર કરવા માટે હોંત થી ખેતર આપ્યું હતું પરંતુ ખેડૂતનું નસીબ પાધળું નિકળતાં તૈયાર પાક આગમાં હોમાઈ ગયો હતો.

# કોરોના સામે જંગ : બાયડ લાયન્સ કલબ દ્વારા ૨૫૦૦ માસ્કનું વિતરણ

## વાહન ચાલકોને થોભાવી માસ્ક પહેરાવ્યા, કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરવા વિનંતી કરાઈ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

બાયડમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે ત્યારે લાયન્સ કલબ-બાયડ દ્વારા ગુરૂવારે માસ્ક વગર વાહન હંકારતા ૨૫૦૦ વાહન ચાલકોને માસ્કનું મફત વિતરણ લાયન્સ કલબ-બાયડના સભ્યો તેમજ બાયડ પાલિકાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની સાથે માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવા વારંવારની સૂચના છતાં બાયડમાં મોટાભાગના વાહન ચાલકો માસ્ક પહેર્યા વગર વાહન હંકારતા હોવાનું જોવા મળ્યું હતું.

જિલ્લાના બીજા નંબરના કોરોના હોટ સ્પોટ બનેલા બાયડમાં પ્રજા અને વેપારીઓ સાવધાની નહીં રાખે તો કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ થઈ જવાની દહેશત છે. પાછલા ૨ દિવસમાં જ કોરોનાના ૬૦ થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. બાયડની પ્રજાનું આરોગ્ય ન જોખમાય તે માટે બાયડ પાલિકા દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી છે અને હવે સેવાભાવિ સંસ્થાઓ પણ તેમાં સહયોગી બની છે. લાયન્સ ડીસ્ટ્રીક્ટ-૩૨૩૨-બી.ના રીજીયન ચેરમેન અતુલભાઈ જોષી, લાયન્સ કલબ-બાયડ પ્રમુખ સમીર મિરઝા, ડૉ.મહેન્દ્રભાઈ બી. પટેલ, બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન



પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ તેમજ લાયન્સ સભ્યો અને બાયડ પાલિકાના સભ્યોની ઉપસ્થિતિમાં બસ સ્ટેશન વિસ્તારમાં માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટાભાગના વાહન ચાલકો માત્ર રૂમાલ લગાવી વાહન હંકારતા જોવા મળ્યા તે તમામ વાહનો થોભાવી વાહન ચાલકોને માસ્ક ફરજીયાત હોવા બાબતે જાણકારી આપી માસ્ક પહેર્યા વગર વાહન નહીં હંકારવા જાગ્રત કરવામાં આવ્યા હતા. લાયન્સ કલબ-બાયડ અને બાયડ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા માસ્ક વિતરણ પછી અન્ય વાહન ચાલકો પણ માસ્ક પહેરવા માટે સંકલ્પબદ્ધ બન્યા હતા. કાર્યક્રમમાં વિનુભાઈ દરજી, કમલેશભાઈ (ધીરૂભાઈ) પટેલ, કોર્પોરેટર અશોકભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગામડાઓમાં સંક્રમણ રોકવા સ્વયંભૂ લૉકડાઉન : બાયડના તેનપુરમાં ૧૫ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

કોરોનાનો કહેરમાં વધારો થયો છે દરરોજ કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે શહેરી વિસ્તારો કરતાં ગામડાં સંક્રમણ રોકવા માટે સવાયાં સાબિત થયાં છે. બાયડ તાલુકાના તેનપુરમાં કોરોનાનું સંક્રમણ રોકવા માટે ગ્રામ પંચાયત દ્વારા મહત્વનો નિર્ણય લઈ ૧૫ દિવસ માટે સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ગ્રામજનોને કોરોનાની મહામારીથી સુરક્ષિત રાખવા માટે પંચાયત દ્વારા તા.૧૫ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ સુધી લૉકડાઉન રાખવામાં આવશે.

કોરોનાની શરૂઆતમાં શહેરી વિસ્તારોમાં કોરોનાના કેસ બહાર આવતા હતા પરંતુ સંક્રમણથી મુક્ત ગ્રામ્ય વિસ્તારો હવે હોટસ્પોટ બનવા લાગ્યા છે. નવી લહેરમાં ગામડાઓમાં સૌથી વધુ કેસ બહાર આવી રહ્યા છે. મોટા શહેરોના પરિવારો સંક્રમણ બેકાબુ બનતાં સુરક્ષિત રહેવા માટે ગામડામાં આવ્યા ત્યારથી રોગચાળાથી મુક્ત ગ્રામ્ય વિસ્તારો સંક્રમણના જડબામાં આવ્યા છે. જિલ્લામાં કચ્છી કંપાઓમાં સ્વયંભૂ લૉકડાઉન અપાયા પછી વધુ ને વધુ ગામો સંક્રમણ સામે જાગ્રત બન્યા છે. બાયડ તાલુકાના તેનપુરમાં ગ્રામ પંચાયત દ્વારા સ્વયંભૂ લૉકડાઉન જાહેર કરાયું છે. જેમાં સવારે ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી ગામના બજારો ખુલ્લા રહેશે અને ત્યાર પછી સમગ્ર ગામમાં કડક લૉકડાઉનનો અમલ શરૂ થશે. ગ્રામજનોએ પણ ગ્રામ પંચાયતને સ્વૈચ્છીક લૉકડાઉનમાં સહકાર આપ્યો છે. જ્યારે આ સમય દરમ્યાન વેપારીઓને ઠંડાપીણા, શ્રીખંડ, આઈસ્ક્રીમ સહિતની ચીજવસ્તુઓનું વેચાણ બંધ રાખવા માટે જણાવવામાં આવ્યું છે. જ્યારે બહારના ફેરીયાઓ ઉપર પણ પ્રવેશવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

### સત્ય ઘટના

# ભગવાન તું ક્યાં છે, અરવલ્લીમાં કોરોનાના હજારો દર્દીઓને સાજા કરનાર ડૉક્ટર, પરિવાર કોરોનાથી સંક્રમિત

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

લોકોની મદદ કરનારને જ્યારે મદદની જરૂર હોય ત્યારે મદદ ન મળે તો..!! આવું ગણી વખત સાંભળવા મળે છે. ત્યારે એમ થાય કે ભગવાન તું ક્યાં છે..?? અરવલ્લીમાં કોરોનાના હજારો દર્દીઓને દિવસ-રાત જોયા વગર સાજા કરનાર ડૉક્ટર અને તેમના પરિવારના ૩ સભ્યો કોરોનાથી સંક્રમિત થયા, થયું ગ્રામ્ય વિસ્તારની હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે કોવિડ-૧૯ હોસ્પિટલ શરૂ થઈ. જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના કોરોનાગ્રસ્ત દર્દીઓને ગંભીર હાલતમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. ડૉક્ટર અને તેમની ટીમે દિવસ-રાત જોયા વગર અનેક કોરોનાગ્રસ્ત દર્દીઓને સાજા કર્યા. કેટલીકવાર તો માંડ એક ટંક ભોજન લેવાનો પણ સમય મળતો પરંતુ

## ખરા સમયે રેમડેસિવિર ઈન્જેક્શન ન મળતાં ભાવુક થઈ રડી પડ્યા, ફરીસ્તાએ ૩ ઈંજેક્શનની વ્યવસ્થા કરી આપી..!!



તબિયત વધારે લથળી, ખરા સમયે રેમડેસિવિર ઈન્જેક્શન ન મળતાં ભાવુક થઈ રડી પડયા પરંતુ સાચી શ્રદ્ધાથી દર્દીઓની સેવા કરનારા ડૉક્ટર અને તેમના પરિવાર માટે એક ફરીસ્તો પ્રગટ થયો અને ૩ ઈન્જેક્શનની તાબડતોબ વ્યવસ્થા કરી આપી. પરિવાર કોરોનાના અતિભયંકર જોખમમાંથી બહાર આવ્યો છે.

કહેવત છે ને કે સારા માણસોની કુદરત કસોટી કરતા હોય છે. અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હોસ્પિટલમાં ફરજ બજાવતા એમ.ડી., ફીજીશીયન ડૉક્ટર દેવદૂતથી કમ નથી. ગમે તેવો દર્દી તેમની ચેમ્બરમાં દાખલ થાય એટલે વાતચીત શરૂ થાય અને ૩૦ ટકા દુ:ખ દર્દી ત્યાં જ ભૂલી જાય. જરૂર હોય તેટલી જ દવાઓ લખવાની, ખોટા લેબોરેટરી ટેસ્ટ નહીં કરાવવાના, દર્દીને ઓછા ખર્ચે આરામ થાય તે ગુરૂ મંત્ર હતો. રાજ્યમાં કોરોનાનું સંક્રમણ શરૂ તાજેતરમાં કોરોનાની બીજી લહેર આવી, ચેપગ્રસ્ત દર્દીની સેવા કરતાં ખુદ તબીબને કોરોનાનો ચેપ લાગ્યો, સંક્રમિત થયા, પોતાના પરિવારના બે સભ્યો પણ કોરોનાથી તેમના સંપર્કમાં આવવાથી સંક્રમિત થયા. ખાસ કરીને ડૉક્ટરની તબિયત વધુ બગડી, રેમડેસિવિયર ઈન્જેક્શનની જરૂરીયાત હતી પરંતુ ક્યાંય કેટલી જગ્યાએ તપાસ કરવા છતાં ઈન્જેક્શન ન મળ્યા. આખરે તેમના એક નિકટના મિત્રને વાત કરી મિત્ર ફરીસ્તો બનીને આવ્યો હોય તેમ ડૉક્ટર અને તેમના પરિવાર માટે પ્રિસ્ક્રિપ્શનના આધારે ૩ ઈન્જેક્શનની વ્યવસ્થા કરી. ઈન્જેક્શન મળ્યા પછી ડૉક્ટર અને તેમના પરિવારની તબિયત સુધારા ઉપર છે. સારૂ કામ કરીએ તોય ભગવાન સાથ નથી આપતો તેવું કહેનારા લોકો માટે આ કિસ્સો અર્પણ. અરવલ્લી જિલ્લાની આ એક સત્ય ઘટના છે. ડૉક્ટરના મિત્રની વિનંતીને માન આપી નામ ઉલ્લેખ કર્યો નથી.

# કોરોનાએ ભારે કરી : ઉત્તર ગુજરાતની શાળાઓમાં શાળાબંધ-૫૦ ટકા સ્ટાફની હાજરીનો પરીપત્ર ઘોંચમાં

## સહી કરનાર અધિકારી, ટેબલ કલાર્ક કોરોનાથી સંક્રમિત થતાં પરીપત્રમાં રૂકાવટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

રાજ્યમાં કોરોનાએ શૈક્ષણિક સંસ્થાઓને ફરજીયાત બંધ કરવા મજબૂર કરી છે. કોરોનાનું સંક્રમણ વધતાં રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે શાળાઓ બંધ અને ૫૦ ટકા સ્ટાફની હાજરી અંગે નિર્દેષ આપ્યા હતા પરંતુ તેના એક સપ્તાહ પછી પણ પરીપત્ર જે તે ડી.ઈ.ઓ. તેમજ આચાર્યો સુધી પહોંચ્યા નથી ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર પરીપત્રમાં સહી કરનાર અધિકારી અને ટેબલ કલાર્ક કોરોનાથી સંક્રમિત થતાં પરીપત્રમાં રૂકાવટ આવી છે. જો કે જવાબદાર અધિકારી કોરોના સંક્રમિત હોય તો અન્ય અધિકારીને ચાર્જ આપી મહત્વનો પરીપત્ર કરાવવો જોઈએ. કારણ કે હજુ સુધી પરીપત્ર થયો ન હોવાથી શાળાઓ ખોલવામાં આવે છે અને શૈક્ષણિક સ્ટાફ પણ સંપૂર્ણ હાજર રહે છે. આ સંજોગોમાં કોરોના ફરી કોઈ શિક્ષકને ભરખી જાય તો જવાબદારી કોની..??

રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, પોસ્ટ ઓફીસ, જેલ વગેરેમાં કોરોનાના પગપેસારા પછી સ્થિતિ નિ:સંદેહ કાબુ બહાર હોવાનું ચિત્ર ઉપસ્યું છે ત્યારે ધન્ય છે શિક્ષકોને કે તેઓએ કોરોનામાં પોતાના પરિવારની પરવા કર્યા વગર વિભાગ દ્વારા જે કંઈ કામગીરી સોંપવામાં આવી તેને સૂપેરે નિભાવી છે. આજ શિક્ષકો કોરોનાથી સંક્રમિત થાય તો ૧૪ દિવસની ક્વોરન્ટાઈન થવાની રજાઓ આપવાનો નન્નો ભણાતો હતો પરંતુ ગાંધીનગર સમાચારના અહેવાલ પછી વિભાગ દ્વારા રજાઓ અંગેનો પત્ર કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ કોરોનાના કારણે માલપુરની શિક્ષિકાનું મોત નિપજ્યું હતું અને શાળાઓ બંધ કરવાના અને સ્ટાફ ૫૦ ટકાની હાજરીની સૂચના છતાં વિભાગના અધિકારીઓએ પરીપત્ર કર્યો ન હતો અને હવે તો ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ઠેકઠેકાણે કોરોના બોમ્બ ફૂટ્યા જેવી સ્થિતિ છે અને તેમ છતાં શાળાબંધનો પરીપત્ર જાહેર ન થતાં શાળાઓના શિક્ષકો અને આચાર્ય વિમાસણમાં હતા કે હવે શું કરવું ત્યારે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ જે. પી. પટેલે સોશ્યલ મીડીયા ઉપર મેસેજ મોકલીને સ્પષ્ટતા કરી છે કે પરીપત્ર થવામાં વાર લાગવા પાછળ સહી કરનાર અધિકારીઓ અને ટેબલ કલાર્ક કોરોનાથી સંક્રમિત છે પણ મુખ્ય મંત્રીની સૂચના મુજબ પરિસ્થિતિ પ્રમાણે આપની સમજ મુજબ આવતી કાલથી ૫૦ ટકા સ્ટાફ પ્રમાણે સ્ટાફને બોલાવવાનો થાય છે અને વિદ્યાર્થીઓને બોલાવવાના નથી આ સંદર્ભમાં કોઈ રૂકાવટ કે ફરિયાદ હોય તો મારો સંપર્ક કરવો.

# અરવલ્લી જિલ્લાના લાયસન્સી સર્વેયરોની દાદાગીરીથી ખેડૂતો લાલચોળ

## ૧ થી દોઢ વર્ષ થયા છતાં સર્વે માટે સમય નથી, મોટાપાયે ખોટું કરતા હોવાના આરોપ લાગ્યા

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

અરવલ્લી જિલ્લામાં ખેડૂતોની જમીન સેટેલાઈટથી માપણી કર્યા પછી અનેક ખેડૂતોની જમીનો ઘટી ગઈ છે તો કેટલાકની વધી ગઈ છે અને આ અંગેની લેખિત ફરિયાદો વડી કચેરીમાં આપવામાં આવી છે. જમીનના સર્વે કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે પરંતુ અરવલ્લી જિલ્લાના લાયસન્સી સર્વેયરોની દાદાગીરીથી અનેક ખેડૂતો લાલચોળ થઈ ગયા છે. જાણે કે પોતે કલેક્ટર હોય તેવો રોંફ અનેક ખેડૂતો સમક્ષ જમાવ્યો છે. આ બાબતે જિલ્લા કલેક્ટર દ્વારા યોગ્ય તપાસ નહીં થાય તો બાયડ તાલુકાના કેટલાક ખેડૂતો આ મુદ્દે આવેદનપત્ર આપશે તેવું જાણવા મળ્યું છે.

જિલ્લામાં જમીન માપણી માટે આજે પણ સર્વેયરો ઉપર મદાર રાખવાનો હોય છે. સરકારે ડી.આઈ.એલ.આર. કચેરીના સર્વેયરો અદ્રશ્ય કરી દેતાં હવે લાયસન્સી સર્વેયરો ઉપર ખેડૂતોને પોતાની જમીન માપણીનો મદાર રહ્યો છે. પરંતુ કહેવાય છે કે કેટલાક લાયસન્સી સર્વેયરો પોતે જ જિલ્લાના માલિક બની ગયા હોય તેવા વહેમમાં ઉડી રહ્યા છે. એક થી દોઢ વર્ષની પડતર જમીન માપણીની દરખાસ્તો છતાં તેની સામે જોતા પણ નથી અને કોઈ ખેડૂત આ અંગે રજૂઆત કરે તો હું અત્યારે અન્ય જગ્યાએ સર્વે માટે આવ્યો છું, એક મહિના પછી નંબર લાગશે, મહિનો થાય એટલે ફરીથી ફોન લગાવે તો મારી પાસે ટાઈમ નથી તેવા જવાબ આપવામાં આવે છે. લાયસન્સી સર્વેયરોને મામૂલી વેતન આપવામાં આવે છે પરંતુ કેટલાક સર્વેયરોની પાછલા ૪-૫ વર્ષમાં સમૃદ્ધિ જોવામાં આવે તો અનેક લોકોની આંખો પહોળી થઈ જાય તેમ છે. આ સંજોગોમાં લાયસન્સી સર્વેયરો મોટાપાયે ખોટું કરતા હોય તેવા લાગેલા આરોપોમાં સત્ય છે કે કેમ..?? તેની પણ તપાસ જરૂરી છે.

# ગાંભોઈ સિવિલમાં કોરોનાની ટેસ્ટ કીટ ન મળવાની મોકાણ : લોકોમાં ભારે રોષ...

## ક્વાર્ટર હોવા છતાં અપડાઉન કરતા તબીબી કર્મચારીઓની તપાસ કરવા પ્રજામાંગ...

ગાંભોઈ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં કોરોના કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે ત્યારે જરૂરિયાતમંદોને સારવાર લેવા રઝળપાટ કરવી પડે છે. સરકારી હોસ્પિટલોમાં કોરોના ટેસ્ટની કીટ અને દવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાના કારણે પ્રજા હાલાકી ભોગવી રહી છે. હિંમતનગર તાલુકાના ગાંભોઈ આરોગ્ય કેન્દ્રની બુધવારે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલએ લીધેલી મુલાકાત દરમિયાન આરોગ્ય કર્મીઓ અને તબીબો સાથે ચર્ચા કરતાં સરકાર તરફથી રેપિડ ટેસ્ટ માટે જરૂરી કીટ તથા આર.ટી.પી.સી.આર. ટેસ્ટની કીટો પૂરતા પ્રમાણમાં મળતી ન હોવાનુ જાણવા મળ્યું હતું. કોરોનાની સારવાર માટે વપરાતી દવાઓનો જથ્થો પણ આરોગ્ય કેન્દ્રમાં મળતો ન હોવાના કારણે ગાંભોઈ સામુહિક આરોગ્ય કેન્દ્રની આસપાસની ગ્રામ્ય પ્રજાને અસહ્ય ગરમીમાં પોતાના આરોગ્યને જોખમમાં મૂકીને પ્રજાને સિવિલ હોસ્પિટલમાં ધક્કા ખાવા પડે છે. ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ઘણા વર્ષોથી એક જ સ્થળે ચીટકી રહેલા મેડિકલ તબીબો અને નર્સ સ્ટાફ તરફથી સારવાર દરમિયાન દર્દીઓને સહયોગ અને તબીબી માર્ગદર્શન ન મળતા પ્રજા માટે આ આરોગ્ય કેન્દ્રના વહીવટ સામે રોષની લાગણી જન્મી હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. આ અગાઉ પણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હડકવાની રસીના અભાવે સ્થાનિક પ્રજાને અન્ય કેન્દ્રોમાં સારવાર લેવાની ફરિયાદો થઈ હતી. ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબો અને નર્સ સ્ટાફ માટે ક્વાર્ટરો હોવા છતાં કેટલોક સ્ટાફ અપડાઉન કરી ફરજ બજાવે છે. જેની તપાસ કરવા અને વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કેટલાક તબીબી કર્મચારીઓને અન્યત્ર ખસેડવા ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારની જનતામાં ઉગ્ર માંગ ઊભી થઈ છે. આ અંગે જાગૃત નાગરિકોએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હોવાનું જાણવા મળેલ છે.




# ભિલોડા કોટેજ હોસ્પિટલ અને ચોરીમાલા પી.એચ.સી. સેન્ટરમાં કોવિડ કેર હોસ્પિટલ મંજુર

ભિલોડા,તા.૧૫

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા એકા-એક વધતા પ્રજાજનોમાં ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે.કોરોના ના કેસોમાં ધરખમ વધારો થઈ રહ્યો છે.મોડાસાની કોવિડ હોસ્પિટલમાં મોતનો સીલસીલો જારી બન્યો છે.કોરોનાએ હવે ધીમે ધીમે પગપેસારો કર્યા બાદ ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે.

લગ્નસરાની સિઝનમાં કોરોના ના કેસો વધતા દર્દીઓને કોરોનાની ઝડપી સારવાર મળી રહે તેવા મુખ્ય આશયથી અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી અને વર્તમાન પ્રમુખ લાલસિંહ ચૌહાણ સહિત રાજકીય,સામાજીક આગેવાનોએ કોવિડ કેર સેન્ટર શરૂ કરવા માટે જીલ્લા કલેક્ટર,જીલ્લા વિકાસ અધિકારી સહિત જીલ્લા આરોગ્ય અધિકારીને લેખિતમાં રજુઆત કરી હતી.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના દર્દીઓ માટે કોવિડ કેર હોસ્પિટલનો શુભારંભની જાહેરાત કરાઈ છે.વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ ધ્વારા ૩૦ બેડની સુવિધાસભર કોવિડ કેર હોસ્પિટલ ભિલોડા કોટેજ હોસ્પિટલ અને ચોરીમાલા પી.એચ.સી. સેન્ટરમાં શરૂ કરવાની મંજુરી આપી છે.અરવલ્લી જીલ્લાના ૬ તાલુકાઓમાં કોરોનાના કેસો વધતા મોડાસાની એકમાત્ર કોવિડ કેર હોસ્પિટલમાં બેડ ખુટી પડતા જીલ્લામાં અલગ-અલગ વિસ્તારમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરાયા બાદ ભિલોડામાં કોરોના સંક્રમણ વધતા દર્દીઓને કોરોનાની સારવાર મળી રહે તે માટે કોટેજ હોસ્પિટલમાં ૩૦ બેડ અને ચોરીમાલા પી.એચ.સી. સેન્ટરમાં તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.કોવિડ કેર સેન્ટર ટુંક જ સમયમાં શુભારંભ થશે તેમ આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું.

# જન્મદિને વધામણી



રિધાન હાર્દિકકુમાર પટેલ
રડોદરા, તા.બાયડ



સોહમ રાકેશકુમાર સોલંકી
ચમારપુર, તા.બાયડ



લકી શૈલેષભાઈ પરમાર
લાલુગામ, તા.ધનસુરા



વિમલકુમાર બી. પટેલ
(પ્રમુખ : બાયડ કેમીસ્ટ એસોસીએશન)
બાયડ



વી. એમ. પટેલ
(પૂર્વ અધ્યક્ષ : સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ)
બાયડ



અંબાલાલ ડી. પટેલ
(પૂર્વ કારોબારી અધ્યક્ષ : સાબરકાંઠા જિલ્લા પંચાયત)
કઠવાડા, તા.તલોદ



ભરત પટેલ
વજેપુરાકંપા, તા.બાયડ



ઘરમાં રહો
સુરક્ષિત રહો